
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૪ | ૫ ડિસેમ્બર, ૨૦૧૬, સોમવાર ; માગશર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૯ ટકા

**ગેરન્ટેડ ગિફ્ટ કુપન**




# હાર્ટ ઓફ એશિયામાં પાક અલગ પડ્યું

**આતંકવાદનો મુદ્દો છવાયો : જૈશે મોહમ્મદ, તોઇબા જેવા સંગઠનોના નામનો ઉલ્લેખ કરાયો : અમૃતસર ખાતે હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સ પરિપૂર્ણ થઇ : પાકિસ્તાન પર ભારત અને અફઘાનિસ્તાનના પ્રહારો : અમૃતસર ઘોષણાપત્રમાં ઘણી અપીલો**




નવીદિલ્હી, તા. ૪

આતંકવાદના મુદ્દા ઉપર ભારત ફરી એકવાર પાકિસ્તાનને અલગ કરી દેવામાં સંપૂર્ણપણે સફળ રહ્યું હતું. અમૃતસરમાં પૂર્ણ થયેલી હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સમાં આતંકવાદ મુખ્ય મુદ્દા તરીકે રહ્યો હતો. હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સમાં આતંકવાદને ખતમ કરવા માટે એક સંદેશ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં એન્ટી ટેરર પ્રસ્તાવ પર સહમતિ સધાઈ હતી. પાકિસ્તાન માટે સૌથી શરમજનક બાબત એ રહી હતી કે, આ પ્રસ્તાવમાં જૈશે મોહમ્મદ, લશ્કરે તોઈબા જેવા પાકિસ્તાની આતંકવાદી સંગઠન અને હક્કાની નેટવર્કના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સંગઠનોની સામે કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે. સાથે સાથે એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આ સંગઠન દક્ષિણ એશિયન પ્રદેશમાં શાંતિ સામે ખતરો થયેલો છે. કોન્ફરન્સમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનાર અરુણ જેટલીએ અનેક મુદ્દા ઉપર વાત કરી હતી. હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સની સમાપ્તિ બાદ પત્રકાર પરિષદમાં નાણામંત્રી જેટલીએ કહ્યું હતું કે, અમૃતસર ઘોષણાપત્ર ખુબ જ ઐતિહાસિક છે. ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે, આતંકવાદ શાંતિ માટે સૌથી મોટા ખતરા તરીકે છે. તમામ પ્રકારના આતંકવાદનો ખાત્મો બોલાવવામાં આવે તે જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## નરેન્દ્ર મોદીએ સુવર્ણ મંદિરમાં લંગરમાં ભોજન પીરસ્યુ

અમૃતસર,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુવર્ણ મંદિરમાં વિશેષરીતે સેવા કરીને આજે ફરીએકવાર ચર્ચા જગાવી હતી. હાર્ટ ઓફ એશિયા સંમેલનમાં ભાગ લેવા પહોંચેલા મોદીએ સુવર્ણ મંદિરમાં જઈને શ્રદ્ધાળુઓ સાથે વાત કરી હતી. સાથે સાથે સુવર્ણ મંદિરમાં લંગર સર્વ કરનાર મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન બની ગયા હતા.

## હવે સિનિયર સિટિઝનો માટે ટૂંકમાં જ આધારકાર્ડ ફરજિયાત

**આધાર હશે તો જ રેલવે ભાડામાં છુટછાટ મળશે : ઓનલાઈન અને રેલવે કાઉન્ટરથી ખરીદવામાં આવનાર ટિકિટો ઉપર વ્યવસ્થા લાગૂ : એપ્રિલથી નિયમો અમલી**

નવીદિલ્હી,તા. ૪


ઈન્ડિયન રેલવે પહેલી એપ્રિલ ૨૦૧૭થી સિનિયર સિટીઝનો માટે આધારકાર્ડ ફરજિયાત કરવાનો નિર્ણય કરી ચુકી છે. જો કોઈ સિનિયર સિટીઝન નક્કી કરવામાં આવેલી તારીખ બાદ આધારકાર્ડ નંબર આપશે નહીં તો રેલવે તેમને મળનારી રાહત આપશે નહીં. આ સંદર્ભમાં રેલવે દ્વારા સત્તાવાર જાહેરનામુ જારી કરી દીધું છે. ભારતીય રેલવેના એક ટોચના અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, આનાથી રેલવેની સાથે સાથે પેસેન્જરને પણ ફાયદો થશે. આ આદેશ ઓનલાઈન અને રેલવે કાઉન્ટરથી ખરીદવામાં આવનાર ટિકિટ ઉપર લાગૂ થશે.



અધિકારીઓનું કહેવું છે કે, રેલવે હાલથી જ આધારકાર્ડ નંબર લેવાની શરૂઆત કરી દેશે પરંતુ હાલમાં આ ફરજિયાત રહેશે નહીં. આઈઆરસીટીસી પણ પહેલી જાન્યુઆરીથી આધારકાર્ડની વિગતો લેવાની શરૂઆત કરશે. ત્યારબાદ વ્યવસ્થા એવી ઉભી કરવામાં આવશે કે ઓનલાઈન આધાર નંબર મુકતાની સાથે જ યાત્રીની વિગતો આવી જશે. આની સાથે જ ઓનલાઈન ફોર્મ ભરવામાં પણ વધારે સમય લાગશે નહીં. બીજો મોટો ફાયદો એ થશે કે રેલવે ટિકિટમાં દલાલી ઘટી જશે.

# રૂપિયા ૨૦ અને ૫૦ની નવી નોટ ટૂંકમાં જારી કરાશે

**જુની નોટ પણ યથાવતરીતે રહેશે, રોકડ કટોકટી હળવી કરાશે : નવી નોટમાં કેટલીક ખાસ વિશેષતા**



નવી દિલ્હી, તા.૪

ભારતીય રિઝર્વ બેંકે ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટ છાપવાની પ્રક્રિયા ખુબ જ ઝડપી બનાવી દીધી છે જ્યારે રૂપિયા ૨૦ અને ૫૦ રૂપિયાની નવી નોટ પણ છાપવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. આ નવી નોટને ટૂંક સમયમાં જ જારી કરવામાં આવનાર છે. આરબીઆઈની વેબસાઈટ ઉપર જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ૫૦ રૂપિયાની નોટ ૨૦૦૫ની મહાત્મા ગાંધી સીરીઝમાં છાપવામાં આવશે. ૫૦ રૂપિયાની આ નવી નોટના બંને નંબર પેનલમાં કોઈ ઈન્સેટ લેટર રહેશે નહીં. આરબીઆઈના કહેવા મુજબ રૂપિયા ૨૦ અને ૫૦ રૂપિયાની નવી નોટને જારી કરવામાં આવ્યા બાદ જૂની નોટ યથાવતરીતે જારી રહેશે. બીજી બાજુ રૂપિયા ૨૦ની નોટમાં બંને નંબર પેનલ પર એલ ઈન્સેટ લેટર રહેશે. આ નોટ વર્ષ ૨૦૧૬થી જારી કરવામાં આવનાર છે. તેના ઉપર વર્તમાન ગવર્નર ઉર્જિત પટેલના હસ્તાક્ષર રહેશે. આ નવી નોટની બાકી ડિઝાઈન અને સિક્યુરિટી આંકડા ૫૦ની નોટની જેમ જ રહેશે. આ ઉપરાંત આ નોટમાં વધતા ક્રમમાં આંકડા આપવામાં આવશે. બજારમાં નાની કરન્સીની

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે ધુમ્મસની ચાદર છવાઈ

**ટ્રેન અને વિમાની સેવા ખોરવાતા જનજીવન ઠપ : ૫૪થી વધુ ટ્રેનો મોડી : ૧૧ ટ્રેનો રદ : ૯-૧૨મી ડિસેમ્બર વચ્ચે ધુમ્મસ જ રહેશે**



નવી દિલ્હી,તા. ૩

દિલ્હી, એનસીઆર અને ઉત્તરપ્રદેશ, હરિયાણા સહિત સમગ્ર ઉતર ભારતમાં ઠંડી વધવાની સાથે સાથે ધુમ્મસની સ્થિતિ યથાવત રહી છે. ધુમ્મસના લીધે વિજીબિલીટી એકદમ ઓછી થઈ ગઈ છે જેના લીધે રેલવે અને વિમાની સેવા ઉપર માઠી અસર થઈ છે. દિલ્હી સુધી આવનાર ૫૪ ટ્રેનો લેટ થઈ રહી જ્યારે ૧૧ ટ્રેનોને રદ કરવામાં આવી છે. માત્ર ઉત્તર ભારતમાં જ નહીં બલ્કે મધ્ય ભારતમાં પણ ધુમ્મસની સ્થિતિ જોવા મળી રહી છે. જનજીવન પણ ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, ૯મીથી ૧૨ ડિસેમ્બર વચ્ચે ફરી એકવાર ધુમ્મસની સ્થિતિ રહી શકે છે. મોસમની નવી સિસ્ટમથી પવનોની દિશા ઉપર અસર થશે. ૮મી-૯મી ડિસેમ્બરે ફરી એકવાર પશ્ચિમી દિશાથી પૂર્વીય દિશા સુધી પવન ફુંકાશે. નવા એક્ટિવ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતમાં દેખાશે જેના લીધે હવામાનમાં ૯મીથી ૧૨ ડિસેમ્બર દરમિયાન ફેરફાર જોવા મળશે.

ડિસેમ્બરના બીજા સપ્તાહથી ફરી ધુમ્મસની ચાદર રહેશે. મળેલી માહિતી મુજબ ટ્રેનો મોડેથી દોડતા લોકોને ભારે મુશ્કેલી થઈ હતી. આગામી દિવસોમાં પણ આવી સ્થિતિ રહી શકે છે. ઘણી ફ્લાઈટોને આજે રદ પણ કરવામાં આવી હતી.આજે જીવલેણ ધુમ્મસની સ્થિતી રહી હતી. જેના કારણે ટ્રાફિક, ટ્રેન અને ફ્લાઈટ ઓપરેશન પર માઠી અસર થઈ હતી. તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

# મહેશ શાહની આજે ફરીવાર પુછપરછ

**૧૩૮૬૦ કરોડ જાહેર કરનાર મહેશ શાહ હાલ ગુપ્ત સ્થળે છે : પોલીસ-આવકવેરાના અધિકારીઓની ચાંપતી નજર હેઠળ રખાયા : સુરક્ષા કારણોસર સ્થળ અંગે માહિતી જાહેર ન કરાઈ : રાજકીય વર્તુળોમાં અટકળો**

અમદાવાદ, તા.૪

કેન્દ્ર સરકારની ઈન્કમ ડિસ્કલોઝર સ્કીમ (આઈડીએસ) હેઠળ ૧૩૮૬૦ કરોડ રૂપિયાની જાહેરાત કરીને ભારે ખળભળાટ મચાવી દેનાર મહેશ શાહની પુછપરછનો દોર યથાવતરીતે ચાલી રહ્યો છે. મહેશ શાહને હાલમાં ક્યાં રાખવામાં આવ્યા છે તે અંગે પોતાને પણ માહિતી નથી. નોટબંધી અને કેન્દ્ર સરકારની યોજનાના બે મહિના પહેલા ૧૩૮૬૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિનો ખુલાસો કરનાર ગુજરાતના રિયલ એસ્ટેટ કારોબારી મહેશ શાહની પુછપરછ બાદ મુક્ત કરવામાં આવ્યા છે પરંતુ હાલમાં તેઓ પોલીસ અને આવકવેરા અધિકારીઓની બાજ નજર હેઠળ રહેશે. શનિવાર રાતથી મહેશ શાહની કરવામાં આવી રહેલી પુછપરછ હાલમાં રોકવામાં આવી છે. શાહને હવે સોમવારે એટલે કે આવતીકાલે પુછપરછ માટે ફરી બોલાવવામાં આવશે. સુરક્ષા કારણોસર તેઓ ક્યાં છે તે અંગે માહિતી આપવામાં આવી નથી. ગઈકાલે તેમને સકંજામાં લઈ લેવામાં આવ્યા હતા. મહેશ શાહે ગઈકાલે જ એવી વાત કરીને ચકચાર મચાવી હતી કે, આ પૈસા રાજકારણીઓ અને ભારતીય લોકોના છે. આ પૈસાઓ નેતા, સરકારી અધિકારીઓ અને કારોબારીઓના છે. કોઈ અપરાધીના નથી. મહેશ શાહે તેમના પરિવાર અને નજીકના મિત્રોને આમા સામેલ નહીં કરવાની પણ અપીલ કરી છે. પરિવારની સુરક્ષા માટેની પણ અપીલ કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, અમદાવાદના પ્રોપર્ટી ડિલર અને બિઝનેસમેન મહેશ શાહ ગઈકાલે એકાએક મીડિયા સમક્ષ ઉપસ્થિત થઈ ગયા હતા અને દાવો કર્યો હતો કે કમિશન માટે કેટલાક લોકોના ઈશારે આ આવક જાહેર કરવામાં આવી હતી. મહેશ શાહે એમ પણ કહ્યું હતું કે ટૂંક સમયમાં જ બ્લેક મની ધારકોના નામ તેઓ જાહેર કરશે. મહેશ શાહના આ નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો હતો. ઘણા લોકોના નામ ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે.




### મહેશ શાહ સકંજામાં...

- ૧૩૮૬૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિ જાહેર કરનાર મહેશ શાહ પર સકંજો મજબૂત.
- મહેશ શાહ હાલમાં ગુપ્ત સ્થળે પોલીસ અને આવકવેરા અધિકારીઓની બાજ નજર હેઠળ.
- રિયલ એસ્ટેટ કારોબારી મહેશ શાહની પુછપરછ બાદ હાલ બ્રેક મુકાઈ છે પરંતુ આવતીકાલે ૧૧ વાગે ફરી પુછપરછ થશે.
- સુરક્ષાના કારણોસર રહેવાની જગ્યા ગુપ્ત રાખવામાં આવી છે.
- મહેશ શાહના સંપર્કોને લઈને પણ તપાસનો દોર.
- ટીવી ચેનલ સાથેની વાતચીતમાં પૈસા નેતાઓ, સરકારી અધિકારીઓ અને કારોબારીઓના હોવાનો ખુલાસો કર્યો.
- આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા દરોડા પણ પાડવામાં આવી ચુક્યા છે.
- મહેશ શાહ હાલમાં ૧૦ દિવસથી મુંબઈમાં હતા.
- તપાસમાં સહકાર આપવાની ખાતરી પણ આપી છે.
- આઈડીએસ હેઠળ ૧૩૮૬૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

